**RCS/ 02/2023**

**રે.દી.મુ.ન.૦૨/૨૦૨૩**

**આંક:૫ તથા આંક:૧૬ લગત સંયુકત હુકમ**

(૧) વાદીએ દાવામાં સમાવિષ્ટ વિષય વસ્તુ સંબંધે પ્રતિવાદીઓ વિરુધ્ધ ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ માટેનો હાલનો દાવો દાખલ કરેલ છે અને દાવાની સાથે હાલની આ અરજી દાખલ કરી પ્રતિવાદીઓ વિરુધ્ધ કામ ચલાઉ મનાઈ હુકમ ફરમાવવા સબબની દાદ માંગેલ છે. જયારે પ્રતિવાદીએ આંક–૧૬થી કાઉન્ટર કલેમ કરેલ છે. જે બંનેની વિગત નીચે મુજબ છે.

(૨) વાદીની આંક:પની કામચલાઉ મનાઈ હુકમની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી વણકર સોમાભાઈ દાનાભાઈ ભેરુન્ડા મુકામે રહી ખેતી કરી ગુજરાન ચલાવે છે. વાદીના બાપ દાદાની વડીલો પાર્જિત જમીનો/મકાનો વિગેરે મિલકતો સ્વર્ગસ્થ (દાનાભાઈ ખાંનાભાઈ વણકર) પિતાની મોજે ભેરુન્ડા ગામમાં નીચે મુજબની જમીનો તથા મકાનો આવેલા છે જે નીચે મુજબ છે.

| સર્વે નંબર | વર્ણન |
|---|---|
| ૩૧/૧ (જુનો–૧૧) | કુંભારીવાળું |
| ૧૭૨(જુનો–૧૨૦/૧) | કુવાવાળું–ડોગરીવાળું (હોમા હેડાવાળું) |
| ૩૪ (જુનો–૪૧) | બળિયાવાળું |
| ૨૬૬(જુનો–૩૪) | ભાંભીવાળું |
| ૪૧(જુનો–૨૪૯) | સાકરીવાળું |
| ૨૦૦(જુનો–૧૧૦) | તળાવવાળું |

| | |
|---|---|
| ૬૯,૪૯,૧૧૭, તથા ૧૮૫ (નવા ૧૯૩,૨૧૮, ૨૨૦) | હમીરવાળું(જામ્બાવાળું) ખામતીવાળું, ખાખરીવાળું |
| ગામતળ ૦૩૨,૦૩૩,૦૭૮,૦૩૦,૦૭૬ | ગામતળ વાળું (વાડીયું વિગેરે) |
| મકાન નં. ૨૧૬, ૨૧૭, ૨૩૭/૧, ૨૫૧ | મકાન તથા પ્લોટ આવેલ છે. |

આમ, ઉપર મુજબની વણકર દાવાભાઈ ખાનાભાઈ તથા કેસરબેન દાનાભાઈની ઉપરોકત જણાવેલ સ્થાવર જંગમ મિલકતો આવેલી છે.

(૩) વાદીના સ્વ. પિતા દાંનાભાઈના મરણની નોંધ નં.૧૫૧થી તથા વાદીના પાંચ ભાઈઓની ૧. લાલાભાઈ દાંનાભાઈ વણકર, ૨.ધૂરાભાઈ દાંનાભાઈ વણકર, ૩. કૂબાભાઈ દાંનાભાઈ વણકર, ૪. પુંજાભાઈ દાંનાભાઈ વણકર, ૫. સોમાભાઈ દાંનાભાઈ વણકર(વાદી)એ રીતેનાઓની વારસાઈ અંગેની નોંધ નં.૧૮૮ જે તે વખતે પડેલ તે ગામ આગેવાનો તથા વાદીના સગા સંબંધીની હાજરીમાં વાદીના પિતાની હયાતીમાં વાદીની ઈચ્છા મુજબ બધા ભાઈઓની સર્વ સંમતિથી સને ૧૯૫૫માં મૌખિક મોઢાના કરારથી જમીન/મકાનો વિગેરેની વહેંચણીથી તેઓની આંક-૫ની અરજીમાં દર્શાવેલ પેરા-૨માં વર્ણાવેલ શીડયુલ મુજબની મિલકતોની ઘરમેળે ''ભાઈઓ ભાગની વહેંચણી'' કરી આપી તે મુજબનો સ્થળ ઉપર કબજો સ્વ. દાંનાભાઈ ખાનાભાઈની પછીની પેઢીમાં વાદી તથા તેમના ચાર સીધી લીટીના વારસદાર મોટા ભાઈઓ જેમના મરણ થયા બાદ તેમના આડી લીટીના વારસદારો ઉપરોકત સર્વે નંબરો વાળા ખેતરોની વહેંચણી મુજબનો પ્રત્યક્ષ કબ્જો ભોગવટો ધરાવે છે.

તે મુજબ સને ૧૯૫૫થી હાલ સુધી વાવેતર માટેના શેઢા પાડી છેલ્લા ૭૦ વર્ષથી વાદીના પિતાજીથી જમીન માપણી કરી વહેંચણી કરી આ પેલા ખેતર મુજબ દરેક હયાત વારસદારો હાલ પણ વાવેતર કરી રહેલા છે. તે મુજબ ૭/૧૨માં પણ ખેડૂત–વારસદારોના નામો ચાલે છે.

(૪) સને ૧૯૬૮માં નોંધ નં. ૨૭૧, ૩૩૪થી મોટાભાઈ ધૂળાભાઈ એકલાની જ વહેંચણી પૂરતી વહેંચણીની નોંધ પાડેલ હતી, ત્યારબાદ ૩૦ વર્ષ પછી સર્વ સંમતિ વગર કે વાદીની લેખિત કે મૌખિક સંમતી વગર મોટાભાઈ લાલાભાઈ તરફથી રેવન્યુ રેકર્ડ નોંધ નં. ૮૩૮ની રેવન્યુ ઉપર દાખલ થયેલ હોવાથી તે મુજબની વહેંચણીમાં ઘણી જ વિસંગતતા, વિરોધાભાસ અને અધૂરી વિગતની ખોટી વહેંચણી હોવાથી નોંધ નં. ૮૩૮ સામે વાદીએ રેવન્યુ રેકર્ડ તકરારી અપીલ નં. ૬૯/૨૨ થી દાખલ કરાવેલ છે હાલમાં પેંડીગ છે, આ નોંધ નં. ૮૩૮ ખોટી પડેલ હોય, વાદીના મોટા ભાઈ લાલાભાઈ ગુજરતા તેમના મરણની વારસાઈમાં તેમના પુત્રોએ નોંધ નં. ૧૨૯૫ થી સ્વ લાલાભાઈની ખોટી વારસાઈ કરેલ હોવાથી તે અં ગેની સને ૨૦૦૪ પછી સને ૨૦૧૦માં નોંધ નં. ૧૫૨૯ અને સને ૨૦૧૯માં નોંધ નં. ૨૦૯૩થી તેમજ સને ૨૦૨૧માં નોંધ નં. ૨૧૯૧થી ભત્રીના માંનાભાઈ તથા દલાભાઈ તથા રમણભાઈ ગુજરતા તેમના વારસોએ સર્વે નં. ૩૪ જે ભાભીવાળું ખેતર તરીકે ઓળખાય છે તથા સર્વે નં. ૧૧૦ જે તળાવવાળું ખેતરમાં તથા ગામતળ ૦૩૨ અને ૦૩૩ માં પ્રતિવાદી નં.૧થી ૧૩ના નામો એકબીજાના મેળાપી પણામાં રહી સાત બારમાં ખોટી વારસાઈ કરાવી ગેરકાયદેસર રીતે નામો ઉમેરેલા છે તથા સર્વે નં. ૪૧ બળિયાવાળા નામે ઓળખાય

છે તે ખેતરમાથી વાદીનું નામ નોંધ નં.૮૩૮થી કાઢી નાખી સને ૨૦૧ ૦માં નોંધ નં.૧૫૨૯ સને ૨૦૧૯માં નોંધ નં.૨૦૯૩થી તેમજ સને ૨૦૨૧માં નોંધ નં.૨૧૯૧થી ભત્રીજા માંનાભાઈ તથા દલાભાઈ અને રમણભાઈ ગુજરતા પ્રતિવાદી નં. ૧ થી ૧૩ના નામો એકબીજાના મેળાપીપણામાં રહી સાત બારમાં ખોટી ગેરકાયદેસર રીતે રેવન્યુ/પંચાયતમાં વાદીની ખોટી માહિતી રજૂ કરી કોઈપણ હકક ફેરફારની નોંધ વગર આ નોંધથી વાદીની હકક કમીની નોંધ પાડયા વગર વાદીની ધ્યાન બહાર વાદીની લેખિત કે મૌખિક સંમતી વગર નામો ઉમેરેલા છે, તેમજ તેઓએ સર્વે નં. ૪૧ બળિયાવાળામાંથી વાદીનું ૭/૧૨માંથી નામ કાઢી નાખી તથા તેઓનો સર્વે નં. ૩૪, ૧૧ ૦ તથા ગામતળ ૦૩૨, ૦૩૩ માં કોઈપણ જાતનો હકક હિસ્સો ન હોવા છતાં ખોટી વારસાઈ કરાવી ૭/૧૨માં નામો ગેરકાયદેસર રીતે ખોટા ચઢાવેલા હોય, જેથી રેવન્યુ રાહે તકરારી અપીલ અપીલ નં.૬૯/૨૨ની પણ ચાલે છે. જે રેવન્યુ રેકર્ડની નોંધ નં. ૧૫૧, ૧૮૮, ૧૮૯, ૨૭૧, ૩૨૭, ૩૩૪, ૪૯૨, ૮૨૧, ૮૩૮, ૧૨૯૫, ૧૨૯૬, ૧ ૨૯૮, ૧૫૨૯, ૨૦૯૩, ૨૧૦૭ અને ૨૧૯૧ની નકલો વાદીએ આ કામે રજૂ રાખેલ છે.

(૫) આ કામના વાદી સોમાભાઈ તથા મોટાભાઈ લાલાભાઈનાઓને વાદીના સરખા ભાગે સર્વે નં. ૪૧ની (બળિયાવાળા) ખેતરની જમીન આવેલી છે, જેમાં હાલ વાદી તથા પ્રતિવાદી નં. ૫ થી ૮નો પ્રત્યક્ષ કબ્જો ભોગવટો છે, વાદી તથા વાદીના પુત્રો આ જમીનમાં સને ૧૯૫૫થી હળ, બળદ, લાકડું, ગાડું, ટ્રેકટર વિગેરે મમરફતે ખેતી કરી કરાવડાવીએ છીએ તેમ છતાં આ કામના પ્ર

તિવાદી નં. ૫થી ૮નાઓ રેવન્યુ તકરાર ઉભી કરી ખોટેખોટા જવાબો રજૂ કરી/ખેટેખોટા આક્ષેપો કરી ખોટીખોટી અરજીઓ કરી ખોટી બનાવટી સહીઓ વાળો કહેવાતો કે જે અમોએ નજરે જોયેલ નથી તેવો હોવાનો આક્ષેપ કરી અનરજીસ્ટર્ડ વેચાણ કરાર રેવન્યુ તકરારમાં રજૂ કરી વાદીને આ સર્વે નં. ૪૧માંથી અમારા પ્રત્યક્ષ માલિકી કબ્જા ભોગવટાની જમીનનો કબ્જો છોડી દેવા માટે ધાક ધમકીઓ આપી રહયા છે, છેલ્લે તા–૧૪.૦૫.૨૦૨૨ના રોજ આ પ્રતિવાદીઓ નં ૫ થી ૮ નાઓએ વાદી તથા અમારા પુત્રોને સર્વે નં. ૪૧ (બળિયાવાળા)માં થી ખેતી કરતાં અટકાવી વાદીની સાથે જગડાઓ કરી વાદીને ખેતરમાં થી કાઢી મૂકવાનો પ્રયત્ન કરેલો અને કોર્ટમાં આ દાવો દાખલ કરવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે. વાદીએ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફોજદારી કેસ ગુ.ર.નં.II.૩૩૪/૨૦૨૨ મુજબ પ્રતિવાદી નં. ૬ અને ૭ વિરુધ્ધ ગુન્હો દાખલ કરાવેલ છે, જે નામદાર કોર્ટમાં ચાલુ છે.

(૬) વાદીએ દાવો તથા મનાઈ અરજી દાખલ કરતાં પ્રતિવાદીઓને કારણ દર્શક નોટીસ કાઢતાં તેઓને નોટીસની બજવણી થતાં પ્રતિવાદીઓનં.૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૦, ૧૨, ૧૩, ૧૪/૧, ૧૪/૨, ૪/૩, ૧૪/૪/૧, ૧૫/૩, ૧૬/૨, ૧૭/૧, ૧૮ તેઓ તેમના વકીલશ્રી મારફતે હાજર રહેલ છે અને **આંક:૧૫** થી પોતાનો લેખિત જવાબ રજૂ કરેલ છે. જેમાં તેઓએ આંક:૧ ની દાવાઅરજી તથા હાલની આંક:૫ની મનાઈ અરજીમાં જણાવેલ બધી જ હકીકતોનો ઈનકાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, આ કામના વાદીને સને–૧૯૮૫ની સાલમાં પૈસાની જરૂરિયાત ઉપસ્થિત થતાં

તા.૧૭.૦૧.૧૯૮૫ના રોજ વાદીને પ્રતિવાદી નં.૫,૬,૭,૮ના વડીલ લાલાભાઈ દાનાભાઈ પાસેથી સર્વે નં. ૪૧ જેનો નવો સર્વે નં. ૩૪ પરત્વે વાદીએ લાલાભાઈ દાનાભાઈની તરફેણમાં હકક ઉઠાવી લીધા બાબતનુ લખાણ કરી આપી ત્યારથી વાદીનો સર્વે નં. ૪૧ની જમીનમાં કોઈપણ પ્રકારનો માલિકી કબજો ભોગવટો રહેલો નહી. વાદી તથા લાલાભાઈ દાનાભાઈ સગા ભાઈઓ થતાં હતા. લાલાભાઈ દાનાભાઈ ગુજરતાં તેમના દીકરા દલાભાઈ લાલાભાઈના પ્રતિવાદીઓ નં. ૫,૬,૭,૯ના વારસો છે.

(૭) રેવન્યુ રેકર્ડ નોંધ નંબર ૮૩૮ તા. ૨૫.૦૩.૧૯૮૫ના રોજની કૌટુંબિક વહેંચણી અંગેની પાડવામાં આવેલી જેમાં સર્વે નંબરો ૧૧, ૧૨૦, ૪૧, ૩૪, ૨૪૯ બાબતે વહેંચણી થતા જેમાં વાદી પોતે વહેંચણીની નોંધમાં પક્ષકાર હતાં જે અન્વયે સર્વે નં. ૪૧ લાલાભાઈ દાનાભાઈ વણકરને મળેલો ત્યારથી સર્વે નં. ૪૧ ના માલિક કબજેદાર ફકત લાલાભાઈ દાનાભાઈ બનેલા જે નોંધ કૌટુંબીક વહેચણી અંગેની પક્ષકારોના જવાબો અને પ્રત્યક્ષ કબજા આધારે સક્ષમ અધિકારીશ્રીએ તા.૧૯/૦૬/૧૯૮૫ના રોજ મંજુર કરેલ છે .

(૮) લાલાભાઇ દાનાભાઇ વણકર ગુજરતાં નોંધ નં. ૧૨૯૫ તા: ૮/૨/૨૦૦૪ ના રોજ વારસાઇ અંગેની પડેલી જે નોંધમાં વારસદારો તરીકે માંનાભાઇ લાલાભાઇ, દલાભાઇ લાલાભાઇ, કાળાભાઇ લાલાભાઇ, રમણભાઇ લાલાભાઇ અને વિનોદભાઇ લાલાભાઇ તથા વાલીબેનના નામ વારસદારો તરીકે દાખલ થયેલા તેમજ માનાભાઇ લાલાભાઇ વણકર તા:૨૨/૦૨/૨૦૧૦ ના રોજ ગુજરતાં વારસાઈની નોંધ નં. ૧૫૨૯ તા: ૨૦/૦૫/૨૦૧૦ ના રોજ પડતાં પ્રતિવાદીઓ નં.૧ થી ૪ ના નામો વારસદારો તરીકે સર્વે નં.૩૪ વિગેરેમાં દાખલ થયેલા તેમજ પ્રતિવાદી નં. ૫ થી ૮ ના વડીલ

દલાભાઈ લાલાભાઈ વણકર ૨૫/૨/૨૦૧૯ ના રોજ ગુજરતાં વારસાઈની નોંધ નં.૨૦૯૩ તા:૦૮/૦૭/૨૦૧૯ નારોજ પડતાં પ્રતિવાદીઓ નં.૫ થી ૮ ના નામે પડેલી તેમજ પ્રતિવાદી નં.૯,૧૦ અને ૧૧ ના વડીલ રમણભાઈ દલાભાઈ વણકર તા: ૫/૧૨/૨૦૨૦ નારોજ ગુજરતાં વારસાઈની નોંધ નં.૨૧૯૨ તા: ૧૫/૭/૨૦૨૧ નારોજ પડતાં પ્રતિવાદીઓ નં.૯ થી ૧૧ ના નામે પડેલી જે નોંધો  બાબતે વાદીએ વાંધો લીધેલ નથી કે અન્ય કોઈ કાર્યવાહી કરેલ નથી.

(૯) પ્રતિવાદી નં. ૫ થી ૮ ની તરફેણમાં, પ્રતિવાદી નં. ૧૨, પ્રતિવાદી નં. ૯ રમણભાઈ લાલાભાઈ, પ્રતિવાદી નં.૧૩, પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓએ જુના સર્વે નં.૪૧ જેનો નવો સર્વે નં. ૩૪ ની હે. ૦–૪૬–૪૩ ચો.મી જમીન કાકા–બાપા ના દીકરાઓ હોઈ તેઓનો જે હિસ્સો હતો તે હિસ્સો પ્રતિવાદી નં. ૫ થી ૮ ની તરફેણમાં કાયદેસરનો રજી. રીલીઝડીડ તા: ૧૯/૧૦/૨૦૧૯ નારોજ સબ રજીસ્ટ્રાર કચેરી મોડાસા મુકામે કરાવી આપેલ હોઈ ત્યારથી પ્રતિવાદીઓ નં. ૫ થી ૮ ના સર્વે નં. ૩૪ ની સંપુર્ણ જમીનના માલીક કબજેદાર બનેલા. જે રજી. રીલીજડીડની નોંધ રેવન્યુ રેકર્ડે નં.૨૧૦૭તા:૨૩/૧૦/૨૦૧૯ નારોજ પડતાં પ્રતિવાદીઓ નં. ૫ થી ૮ સ્વતંત્ર માલીક કબજેદાર બનેલા છે.વાદીએ ઘણા વર્ષો પછી ખોટી તકરારો ઉપસ્થિત કરી દાવો તથા મનાઈ અરજી કરેલ છે અને સર્વે નં. ૪૧ પરત્વે ખોટો હક્ક દાવો કરી મનાઈ હુકમ માંગેલ છે.

(૧૦) વાદીએ નોંધ નં. ૨ તા:૨૫/૦૩/૧૯૮૫ વિરુધ્ધ નાયબ કલેક્ટર મોડાસાની કોર્ટમાં આર.ટી.એસ/અપીલ/ડીલે/કેસ નં.૬૩/૨૨ થી અપીલ દાખલ કરેલી જે અપીલના કામે જમીનોની વહેંચણીની નોંધ માત્ર જુના સર્વે નં. ૪૧ અંગેનો જ વિવાદી આ કામના વાદી લાવેલા તેમજ જે નોંધમાં જમીન મહેસુલ કાયદાની કલમ ૧૩૫–ડી ની નોટીસમાં પણ વાદીની સહી છે તેમજ ૩૫ વર્ષ ઉપરાંતનું વિલંબ થયેલ હોઈ સંતોષકારક કારણો જણાતાં ન હોઈ

વાદીએ કરેલ આર.ટી.એસ/અપીલ/ડીલે/કેસ નં.૬૩/૨૦૨૨ તા: ૧૨/૧૦/૨૦૨૨ ના રોજ નામંજુર કરવામાં આવેલ છે જે હુકમ વિરુધ્ધ વાદીએ કલેક્ટર સાહેબશ્રીની કોર્ટમાં રીવીઝન કરેલ છે જે હાલ પેન્ડીંગ છે. પ્રતિવાદી નં.૫ થી ૮ ના સર્વે નં.૩૪ ના કાયદેસરના સંયુક્ત માલીક કબજેદારો છે. સર્વે નં. ૩૪ પ્રતિવાદી નં. ૫ થી ૮ નાઓએ નોંધ નં.૨૧૫૫ થી યુનિયન બેંક ઓફ ઈન્ડિયા મોડાસા શાખામાં તારણમાં મુકેલ જે તા: ૨૮/૦૪/૨૦૨૨ ના રોજ નોંધ નં.૨૩૯૨ થી તારણ મુક્ત કરાવેલ છે.

(૧૧) સર્વે નં. ૪૧ ની ફરતે રક્ષણ માટે તારની ફેન્સીંગ કરવી જરૂરી હોઇ તારની ફેન્સીંગ કરીએ તો આ કામના વાદી તેમજ તેમના દીકરાઓ ફેન્સીંગ કરવા દેતાં નથી.આ કામના વાદીએ સર્વે નં. ૩૪ બાબતે લેન્ડ ગ્રેબીંગ અંગેની કાર્યવાહી પ્રતિવાદી વિરુધ્ધ કરતાં લેન્ડ ગ્રેબીંગની અરજી દફતરે કરવામાં આવેલ છે.વાદીનો સર્વે નં. ૩૪ ની જમીનમાં કોઇ હક્ક, અધિકાર ન હોવાં છતાં વાદી પ્રતિવાદીઓને હેલો, હરકત, અવરોધ, રૂકાવટ કરે છે અને વાદી 'ઉલટો ચોર કોટવાલને દંડે" તેવી નીતિ અને વર્તન કરાતાં આવેલા છે.આ કામના વાદી અને તેમના દિકરાઓ પ્રતિવાદીઓની માલીકી કબજાની જમીન પરત્વે ખોટી તકરારો ઉપસ્થિત કરી કાયદાથી ઉપરવટ જઇ વિના હક્ક, અધિકારે ઝગડો તકરાર કરે છે અને ખોટી કાર્યવાહીઓ કરે છે.

(૧૨) ત્યારબાદ વાદી તરફે **આંક–૨૦**થી **કાઉન્ટર એફિડેવિટ** રજૂ કરેલ છે. અને પ્રતિવાદીઓએ આપેલ જવાબની તમામ હકિકતોનો ઈનકાર કરેલ છે.

(૧૩) ત્યારબાદ આંક–૧૬થી પ્રતિવાદીઓ નં. ૫ થી ૮ તરફે વાદી વિરુધ્ધ કાઉન્ટર કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી કરેલ છે. જેમાં જવાબની હકિકતોનું પુનરાવર્તન કરી દાવા અરજીની હકિકતોનું ખંડન કરી જણાવે છે કે, મોજે: ભેરુંડા, તા: મોડાસાની સીમમાં આવેલ જુનો સર્વે નં. ૪૧ જેનો નવો સર્વે નં. ૩૪ ની હે. ૦–૪૬–૪૩

ચો.મી જમીનના પ્રતિવાદીઓ નં. ૫ થી ૮ ના સંયુક્ત માલીક કબજેદારો છીએ જે જમીન બાબતે વાદીએ દાવા અરજીના પેરા – ૭ માં દાદ માંગેલ છે. હકીકતમાં સર્વે નં. ૪૧ મં વાદીને કંઇ લેવા–દેવા નથી. સર્વે નં. ૪૧ માં વાદીનો કોઈપણ પ્રકારનો હક્ક, અધિકાર આવેલો નથી તેમ છતાં વાદીએ ખોટી હકીકતો જણાવી નામદાર કોર્ટમાં પ્રતિવાદીઓ વિરુધ્ધ ખોટો દાવો તથા મનાઇ અરજી કરેલ છે.

**(૧૪)** વધુમાં જણાવે છે કે વાદીએ જે કારણથી દાવો તથા મનાઇ અરજી કરવાનુ કારણ ઉપસ્થિત કરી કાર્યવાહી કરેલ છે તે જ કારણથી વાદી વિરુધ્ધ પ્રતિવાદી નં. ૫ થી ૮ ને આ કાઉન્ટર કામચલાઉ મનાઇ અરજી કરવાનું કારણ ઉપસ્થિત થયેલ હોઈ તેમજ વાદી પ્રતિવાદીઓ નં. ૫ થી ૮ ના સર્વે નં. ૪૧ ના માલીકી કબજા ભોગવટમાં કાયદો હાથમાં લઈ તેમના દીકરા મારફતે હેલો, હરકત, અવરોધ, રૂકાવટ કરતાં હોઈ આ અરજી કરવાની જરૂરીયાત તેમજ કારણ ઉપસ્થિત થયેલ છે.જો વાદી વિરુધ્ધ કાઉન્ટર કામચલાઉ મનાઇ હુકમ આપવામાં ન આવે તો પ્રતિવાદીઓ નં. ૫ થી ૮ ને પારાવાર નુકસાન થાય તેમ છે જેનો બદલો નાણાથી કે બીજી અન્ય કોઇ રીતે મળી શકે નહી. પ્રતિવાદીઓ નં. ૫ થી ૮ નો પ્રાઇમાફેસી કેસ છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પ્રતિવાદીઓ નં. ૫ થી ૮ ના લાભમાં છે.

**(૧૫)** ત્યારાબાદ આંક–૧૯ થી પ્રતિવાદી નં.૫ થી ૮ નાઓએ વાદી વિરુધ્ધ કાઉન્ટર કામ ચલાઉ મનાઇ હુકમ મેળવવા માટેની અરજીનો વાદીએ વિગતવાર લેખિત જવાબ રજૂ કરેલ છે. દાવા અરજી તેમજ મનાઇ અરપજીની હકિકતોનું પુનરાવર્તન કર઼ી વાદીએ જણાવેલ છે કે, વાદીના પિતા તથા પ્રતિવાદીના દાદા/ પરદાદા નામે દાંનાભાઈ ખાંનાભાઈ વણકરે તેઓની હયાતીમા પાંચેય ભાઈઓને જમીનની વહેચણી કરી આપેલી તે વહેચણી મુજબ સદરહુ સરવે નંબર જુનો–૪૧ તથા નવો–૩૪ માં માં અમો વાદીનો ૧/૨ હીસ્સો આવેલો છે અને પ્રતિવાદીઓનો ૧/૨ હિસ્સો આવેલો છે અને વાદી તથા

પ્રતિવાદી પોત પોતાના હિસ્સામાં હળ, બળદ, ગાડુ, લાકડુ, ટેકટર વિગેરે મારફતે ખેતી કરી ઉત્પન્ન લે છે. સ.ન. ૩૪ ના પુર્વ પશ્ચીમ બે ભાગ પાડેલા છે જેમાં ઉત્તર તરફનો ભાગ પ્રતિવાદીઓનો છે અને દક્ષિણ તરફનો ભાગ વાદીનો છે. વાદીએ દાવા અરજી તથા મનાઈ અરજીમાં માગેલ દાદ સાચી અને ખરેખરી માગેલ છે. વાદીએ વધુમાં જણાવેલ છે કે, '''પ્રતિવાદીઓ કોઈપણ જાતની મંજુરી લીધા વગર ફેન્સીંગ વાડ કરવાની બળજબરી કરતા હતા જેથી અમો વાદીએ તેઓને અટકાવેલા. પ્રતિવાદીઓ ડી.એસ.પી. કચેરીમાં ફેન્સીગની વાડ માટે મંજુરી લેવા માટે ગયેલા પરંતુ એસ.પી.શ્રીએ બે વખત અરજી નામંજુર કરેલ હોવા છતાં તેનો અનાદર કરી ફેન્સીંગ વાડ કરવાનો પ્રયત્ન કરેલો અને મારામારી કરેલ જેથી અમોએ મોડાસા રુરલ પો.સ્ટે.માં સેકંડ ગુના રજી.નં. ૩૩૪/૨૦૨૨ થી ગુન્હો પ્રતિવાદીઓ ઉપર દાખલ કરેલો છે. પ્રતિવાદીઓ ખોટી રીતે કાઉન્ટર કામ ચલાઉ મનાઈ અરજી નામદાર કોર્ટ સમક્ષ દાખલ કરેલ છે. જો પ્રતિવાદીઓને કાઉન્ટર કામ ચલાઉ મનાઈ હુકમ આપવામાં આવે તો અમો વાદીને પારાવાર નુકશાન થાય તેમ છે જેનો બદલો નાણાંથી કે અન્ય કોઈપણ રીતે વળી શકે તેમ નથી. અમો વાદીનો પ્રાઈમાફેસી કેસ છે અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અમો વાદીના લાભમાં છે. જેથી પ્રતિવાદીઓની કાઉન્ટર કામ ચલાઉ મનાઈ અરજી રદ કરવા અને અમો વાદીને માગ્યા મુજબનો કામ ચલાઉ મનાઈ હુકમ આપવા મે.કરશોજી."

આ મીલકતો પ્રતિવાદીઓની સ્વ–પાર્જીત મિલકતો નથી પરંતુ વડીલો પાર્જીત મીલકતો હોવાથી " ડેકલેરેશન " માટે કરેલ છે તથા તકરારી સ.નં. ૪૧ પણ પ્રતિવાદીની સ્વ–પાર્જીત મીલકત નથી. વાદીના પિતા એ કાયદેસર રીતે ૧/૨ હિસ્સો વહેચાયેલી મીલકતો હોય ૧/૨ હીસ્સો વાદીનો અને ૧/૨ હીસ્સો પ્રતિવાદીનો છે જેનો ઈનકાર થઈ શકે નહિ જે શીડયુલ–શીડયુલા મુજબનુ ડેકલેરેશન થવુ બરાબર અને ખરુ છે.

(૧૬) વધુમાં વાદી જણાવે છે કે પ્રતિવાદીઓ પૈકી નંબર– ૧થી ૧૩ સિવાયના પ્રતિવાદીઓને કોઈ ખેતરની તકરાર અમારી વિરુધ્ધ આવેલ નથી. સહિયારી મીલકતોમાં કોઈ એક સહ હિસ્સેદારનુ નામ ચાલતુ હોય તો પણ તે માલીક બની જતો નથી. વાદીના મોટાભાઈ એટલે કે પ્રતિવાદીના દાદા લાલાભાઈ દાંનાભાઈ ઘરમાં મોટા હોવાથી તેઓ વેરા, વિગોટી ભરતા તથા ઘર તથા જમીનનો વહીવટ કરતા હોવાથી ૭/૧૨ માં ખાતા નંબર એક સરખા હોવાના કારણે ૭/૧૨માં પંચાયતમાં તેઓના તથા બીજા ભાઈઓનાં નામો રેવન્યુ રેકર્ડ ઉપર આવેલ છે અને તે મુજબ બધા ભાઈઓ સને– ૧૯૬૮ થી હાલ સુધી વાવેતર કરી રહેલા છે. સ.ન. ૪૧ બળીયાવાળું ખેતર સને ૧૯૬૮ થી વાદી ૧/૨ હિસ્સે સહ હિસ્સેદાર અને કબજેદાર રહેલા છે. ત્યાર બાદ પાછળથી ઘણા વર્ષો બાદ હાલમાં બનાવટી ખોટો સ્ટેમ્પ રજુ થાય તો તે તદ્દન ખોટુ છે. આ બનાવટી સ્ટેમ્પના કાગળમાં લાલાભાઈ કે વાદીના પાંચેય ભાઈ કે ભત્રીજાઓ દલાભાઈ, રમણભાઈ કે માંનાભાઈ ની કોઈ સહીઓ કે સંમતી નથી. દિકરો અમરતભાઈ આ મીલકતનો ખેડુત નથી અને તેની તથા વાદીની ખોટી સહીઓ કરેલી છે. વાદી અંગ્રેજી જાણતા નથી તથા સ્ટેમ્પ કાગળમાં કરેલી જેવી સહીઓ વાદીઓ જાણતા નથી. તા. ૧૭/૧/૧૯૮૫ નો બનાવટી ખોટો સ્ટેમ્પ તા. ૬/૨/૨૦૨૩ ના રોજ નામદાર સીવીલ કોર્ટમાં ૩૮ વર્ષ બાદ હાલ સુધી જાહેર થયેલો કે નોંધાયેલો નથી તેવો રજુ થયેલ જે પ્રતિવાદીઓને શંકાના દાયરામાં લાવેલ છે. એન્ટ્રી નંબર– ૮૩૮ તા. ૨૫/૩/૧૯૮૫ ના રોજ એટલે કે તા. ૧૭/૧/૧૯૮૫ના બાદ ખોટો દસ્તાવેજ કર્યા બાદ આ નોધમાં તેનો કોઈ ઉલ્લેખ નથી કે હાલ સુધી હકક હિસ્સો ઉઠાવી લેવાની કોઈ રેકર્ડે નોધ નથી. અન રજીસ્ટર્ડ હોય ફરજીયાત રજીસ્ટેશનને પાત્ર હોવા છતાં રજીસ્ટેશન થયેલુ નથી. ટી.પી. એકટની કલમ– ૫૩(ક) મુજબ વાદીની જાણ બહારનો હોઈ ગ્રાહય નથી.જેથી પ્રતિવાદીઓની કાઉન્ટર કામ ચલાઉ મનાઈ અરજી ખર્ચ

સહિત રદ કરવા અને વાદીને કામ ચલાઉ મનાઈ હુકમ આપાવવા અરજ કરેલ છે.

(૧૭) વધુમાં જણાવે છે કે મોજે–ભેરૂન્ડા ગામની એન્ટ્રી નંબર– ૮૩૮ તથા ૧૨૯૫ થી ખોટી વહેચણી અને ખોટી વારસાઈ ની નોધ સામે નોધ નંબર– ૧૨૯૮ થી સર્કલ ઓફીસરે " ૩૪ " નથી તેવુ દર્શાવેલ છે તેમજ પ્રતિવાદી નં.૧ થી ૧૩ના વડીલ દલાભાઈ લાલાભાઈ નાઓએ કરેલી વહેચણી નામંજુર કરેલ હોવા છતાં પ્રતિવાદીઓએ અપીલમાં જવાને બદલે એન્ટ્રી નંબર– ૧૫૨૯ ,૨૦૯૩, ૨૧૦૭, ૨૧૯૧થી ખોટી રીતે વારસાઈ કરાવી લઈ ૭/૧૨માં નામો ચાલુ રાખેલ છે. અને ખોટુ માલિકી પણુ દર્શાવી બારોબાર વેચી મારવા માટે પ્રયાસો કરી રહેલા છે.એન્ટ્રી નંબર– ૮૩૮ તા. ૨૩/૩/૧૯૮૫ એ થયેલી છે જેમાં ખેતર સરવે નંબર– ૮૫ ,૧૧૭, ધુળાભાઈના હીસ્સામાં આવેલાની નોધ નથી. ખેતર સ.ન. ૩૪,૧૧૦ તથા ૦ ગામતળ, ૩૨,૩૩ વાદી તથા પુજાભાઈ તથા કુબાભાઈના હીસ્સામાં આવેલાની નોધ નથી. તેમજ સ.ન.૪૧ બળીચાવાળામાંથી વાદીનુ નામ કોઈપણ કારણ વગર અડધા હિસ્સે હતુ તે લાલાભાઈના નામની નીચે વાદી સોમાભાઈનુ નામ છેતરપીંડીથી કાઢી નાખેલ છે. અને ૧૭/૧/૧૯૮૫ ના રોજનો ખોટો બનાવટી હકક કમી કરવાનો સ્ટેમ્પ જો સાચો હોત તો ૬૨ દિવસ પછી નોધ નંબર– ૮૩૮ તા. ૨૫/૩/૧૯૮૫ એ નોધાવેલ હોત પરંતુ આવી કોઈ નોધ પાડેલી નથી કે તે પછી કોઈ જગ્યાએ નોધાયેલો નથી. આમ આ કામના પ્રતિવાદી નંબર– ૧ થી ૧૩ નાઓએ ખોટી વારસાઈ, વહેચણી દર્શાવી ગેરકાયદેસર રીતે નોધો પડાવી જમીનો પડાવી લેવા છળકપટ તથા છેતરપીંડી અને ઠગાઈ, દગાબાજી કરી મોટો આર્થિક રીતે લાભ મેળવવાના બદ આશયથી કાવતરુ રચી એક બીજાના મેળાપણીમાં આવી જઈ ગુન્હો આચરેલ છે. ચાલુ દાવા તથા ચાલુ અપીલો દરમ્યાન પ્રતિવાદીઓ ટી.પી. એકટ કલમ– પર મુજબ વેચાણ કરે કરાવે નહિ તે સારુ તથા વાદીને

મોટુ આર્થિક નુકશાન કરે કરાવે નહિ તે સારુ નામદાર કોર્ટમાં દાવો તથા મનાઈ અરજી દાખલ કરેલ છે.

(૧૮) વાદીની દાવા અરજી અને મનાઇ અરજી તેમજ પ્રતિવાદીની કાઉન્ટર મનાઈ અરજી અને પ્લીડિંગ સાથેના દસ્તાવેજો ધ્યાને લીધેલ તેમજ બંને પક્ષો તરફે વિ. વકીલશ્રીઓની દલીલો સાંભળી.

આ કામે વાદી તરફે વકીલ શ્રી એન.વી.પટેલનાઓએ વિગતવારની દલીલ કરી જણાવેલ છે કે, દાવાવાળી મિલકતમાં અડધો હિસ્સો વાદીનો છે અને અડધો હિસ્સો પ્રતિવાદીનો છે. વધુમાં જણાવે છે કે, વાદીની હકીકતને પંચનામાથી સમર્થન મળે છે.

વધુમાં પ્રતિવાદી તરફે વકીલ શ્રી બી.એમ.કોઠારી નાઓએ દલીલ કરેલ અને જણાવેલ છે કે હાલના કામના વાદીએ સર્વે ન.૪૧ જે ૧ એકર ૧૦ ગુંઠા છે તેના અડધા ભાગ માટે હાલ નો દાવો કરેલ છે . વધુમાં જણાવે છે કે આ કામનાપક્ષકારો એક જ કુટુંબ ના હોવાની વાત સ્વીકાર્ય છે. વાદીનો કોઈ પ્રાઈમાં ફેસે કેસ નથી. વાદીનું કોઈ ટાઈટલ કે કબજો નથી. વાદીએ માર્ચ ૧૯૮૫ માં લાલાભાઈ તરફેણ માં હક ઉઠાવવાનું લેખ કરેલ અને તેના આધારે તે અંગે ની નોંધ પણ પડેલ છે. તે નોંધ પણ વાદીએ પડકારેલ નથી. ની.૧૪/૦૮ થી રજીસ્ટરડ રીલીઝ ડીડ રજુ છે.

(૧૯) આ કામે વાદીપક્ષ દવારા પ્રતિવાદીપક્ષ વિરુધ્ધ કામચલાઉ મનાઈ હુકમની તેમજ પ્રતિવાદી ધ્વારા વાદી વિરુધ્ધ કાઉન્ટર મનાઈ હુકમની માંગણી કરતી દાદ માંગવામાં આવેલ હોઈ , જેથી પ્રસ્થાપીત કાનૂની સિધ્ધાંતોને લક્ષમાં લેતા, હાલની અરજીના નિર્ણય સારુ નીચે મુજબના મુદાઓ વિચરણા હેઠળ લઈ તેનો નિર્ણય કરવામાં આવે તે પ્રસ્થાપિત છે.

**:: મુદ્દા ::**

(૧) શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે?
(૨) શું સગવડની સમતુલા વાદીની તરફેણમાં છે?
(૩) શું વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન જવાનો સંભવ છે?
(૪) શું હુકમ?

**ઉપરોકત મુદ્દાઓના કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે.**

(૧) હકારમાં..
(૨) હકારમાં..
(૩) હકારમાં..
(૪) આખરી હુકમ મુજબ.

**// કા ર ણો //**

**મુદા નં. ૧ :-**

**(૨૦)** આ કામે વાદીનો દાવો છે કે દાવાવાળી જમીન વાદીની વડીલોપાર્જિત જમીન છે અને સર્વે ન.૪૧ની જમીનમાં વાદીનું નામ પ્રતિવાદી ન.૧ થી ૧૩નાઓએ નોંધ ન.૮૩૮ થી કાઢી નાખી વાદીની હક કમીની નોંધ પડાવ્યા વગર ફેરફારની નોંધો પડાવેલ. વધુમાં આ જમીનમાં હાલ વાદી તથા પ્રતિવાદીનો ૧/૨ ભાગમાં સરખો કબજો છે. પરંતુ પ્રતિવાદીઓ ખોટા દસ્તાવેજોના આધારે અનરજીસ્ટરડ રિલીજ ડીડ રેવેન્યુ તકરારમાં રજુ કરી વાદીને સદર જમીનનો કબજો છોડી દેવા પ્રયત્ન કરેલ છે .જ્યારે પ્રતિવાદીના

જવાબ અને કાઉનટર મનાઈની અરજીની હકીકતોમાં જણાવે છે કે વાદીએ ૧૯૮૫ની સાલમાં તા.૧૭/૦૧/૧૯૮૫નાં રોજ પ્રતિવાદી નં.૫,૬,૭,૮ ના વડીલ લાલાભાઈ દાનાભાઈ પાસેથી સર્વે નં. ૪૧ નવો સર્વે નં. ૩૪ તેમની તરફેણમાં હક ઉઠાવી લીધા બાબતનું લખાણ કરી આપેલ ત્યારથી વાદીનો કોઈ પણ પ્રકારનો માલિકી કબજો ભોગવટો રહેલો નહી.

આમ, બંને પક્ષોની હકીકતો ધ્યાને લેતા સદર દાવાવાળી જમીન વડીલોપાર્જિત હોવાનું પ્રથમ દર્શનીય રીતે સ્પષ્ટ થાય છે અને તેમાં વાદીનું હક હતું તે પ્રતિવાદી સ્વીકાર કરે છે પરંતુ પ્રતિવાદીના કેહવા મુજબ વાદીએ તે હક જતો કરેલાનું જણાવે છે.

આ કામે બંને પક્ષોની હકીકતો ધ્યાને લેતા સદર દાવાવાળી મિલકત પ્રથમ દર્શનીય રીતે વડીલોપાર્જિત હોવાનું અને તેથી તેમાં વાદીનું હકક હોવાની હકીકતનાં આધારે દાવો કરેલ હોચ વાદીનો પ્રથમ દર્શનીય કેસ જાણાઈ આવે છે તેમજ પંચનામા મુજબ દાવાવાળી સર્વે ન. ૩૪ જુના સર્વે ન.૪૧ માં બે ભાગ પીલ્લરથી પડેલા અને તાર બાંધી બંને ખેતરો જુદા પડેલાનું પ્રથમ દર્શનીય રીતે જણાઇ આવે છે. બીજી બાજુ પ્રતિવાદી તરફે ની ૧૪/૧ નું દસ્તાવેજ રજુ થયેલ છે અને પ્રતિવાદી તરફે દલીલ છે કે વાદીએ પ્રતિવાદીની તરફેણમાં હક જતો કરેલ છે . વારસાઈની રુએ વાદગ્રસ્ત જમીનમાં તેમનો હકક છે અને વારસાઈની રુએ તેમને વહેંચણીથી જમીન પ્રાપ્ત થયેલ છે. આ કામે વાદીની દલીલો ધ્યાને લેતાં તેમજ માર્ક–૪/૧ થી વણકર દાનાભાઈ ખાનાભાઈનું પેઢીનામું રજુ કરેલ છે જેમાં વાદી તેમજ તેમના ભાઈઓ લાલાભાઈ દોનાભાઈ, સુખાભાઈ દાનાભાઈ, પુજાભાઈ દાનાભાઈ, કુબાભાઈ દાનાભાઈનાઓના નામો છે, આ સિવાય વાદી તરફે રેવેન્યુના ઉતારા તેમજ રેવેન્યુ કાર્યવાહીઓના હુકમ અને અરજીઓ રજુ કરેલ છે. વધુમાં આ કામે વાદીએ માર્ક–૪/૫ અને ૪/૬ થી ગામ પત્રક નમુના રજૂ કરેલ

છે. જે ધ્યાને લેતા પ્રાઈમાં ફેસે વાદીનો વાદગ્રસ્ત જમીનમાં કબજો જણાઈ આવે છે. આ તમામ હકીકતો ધ્યાને લેતાં વાદી વાદગ્રસ્ત જગ્યામાં હાલના તબકકે કબજેદાર હોવાનું જણાઈ આવે છે. આ કામે પ્રતિવાદીએ જે પુરાવો રજૂ કરેલ છે તેમાં પ્રતિવાદીઓ પણ સદર જમીનમાં કબજો ભોગવટો ધરાવે છે તે અંગેના પુરાવા રજૂ કરેલ છે. આ કામે મહત્વની હકીકત માર્ક–૩૩/૧થી રજુ કોર્ટ કમિશ્નરશ્રીનું પં ચનામું ધ્યાને લેતાં તેમાં પણ વાદગ્રસ્ત જમીનના બે ભાગ છે અને વાદગ્રસ્ત જમીનમાં બંને પક્ષકારોનો કબજો જણાઈ આવે છે. આમ, વાદીની હકીકતો હાલના તબકકે ધ્યાને લઈએ તો વાદીઓ તેમને વારસાઈના રુએ મળેલી જમીનમાં કબજો ભોગવટો ધરાવતા હોય બાબતનો દાવો કરેલ છે. તેવું જણાઈ આવે છે. તેથી તેમનો પ્ર થમ દર્શનીય કેસ જણાઈ આવે છે. આથી મુદ્દા નં.૧નો જવાબ અશંત: હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૨ અને ૩ :–</u>**

(૨૧) આ બંને મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોઈ બંનેની અહીં પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુસર સાથે ચર્ચા કરવામાં આવેલ છે. આ કામે વાદીઓની વારસાઈથી સદર જમીનના બે ભાગ થયેલા અને એક ભાગમાં તેમનો કબજો હાલના પુરાવાથી પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે અને સગવડની સમતુલા પણ વાદીના લાભમાં જણાઈ આવે છે. વધુમાં જો તેઓનો માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈ હુકમ આપવામાં ન આવે તો રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદીના નામ

ચાલતા હોય તેમના કબજામાં હરકત અંતરાઈ થઈ શકે તે શકયતા નકારી શકાય નહિ. આથી જો માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને નાણાંથી પણ ભરપાઈ ન શકે તેવું નુકશાન થવાનો સંભવ છે. જેથી મુદ્દા નં.ર અને ૩નો નિર્ણય હકારમાં ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૪ :–</u>**

**(૨૨)** આ કામે ઉપરોકત કરેલ ચર્ચા મુજબ જયારે વાદીઓએ પોતાનો પ્રથમદર્શનીય કેસ સાબિત કરેલ હોય તેમજ નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવાનો પણ સંભવ હોય તેમજ વાદીઓના કથન મુજબ તેમને વારસાઈની રુએ વાદગ્રસ્ત જમીનમાં કબજો મળેલ છે. વધુમાં અત્રે પુરાવો લેવાનો બાકી હોય તેમજ બંને પક્ષકારોનો વાદગ્રસ્ત જમીન પર પોતપોતાના કબજાની જમીનમાં કબજો આવેલો હોય અને જમીન વારસાઈથી વહેંચાયેલી હોય, તે સંજોગો ધ્યાને લેતાં ''મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગ'' ન થાય અને વાદગ્રસ્ત જમીનમાં બંને પક્ષકારો કબજા અંગે દાવો કરતા હોય તેમજ આ દાવા સાથે રજૂ તમામ કાગળો, દાવા અરજી, વાદીની હાલની આંક–પની કામચલાઉ મનાઈ હુકમની અરજી તેમજ પ્રતિવાદીની કાઉન્ટર મનાઈ અરજી અને જવાબ ધ્યાને લેતાં હાલના તબકકે મુદ્દા નં.૪ અન્વયે આંક પ અને આંક ૧૬ તળે ન્યાયના હિતમાં નીચે મુજબનો સંયુક્ત હુકમ કરવો યોગ્ય અને ન્યાયોચિત જણાઈ આવે છે.

**RCS/ 02/2023**

**<u>//આખરી હુકમ //</u>**

:૧: દાવાના બંને પક્ષકારોએ વાદગ્રસ્ત જગ્યાની યથાવત પરિસ્થિતિ પંચનામા મુજબની, દાવાના આખરી નિકાલ સુધી જાળવી રાખવી.

:૨: ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તારીખ:**૨૭મી,** માહે:**ફેબ્રુઆરી,** સને : **૨૦૨૬**ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી અને તેમાં મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૨૭/૦૨/૨૦૨૬
સ્થળ:મોડાસા

S.J.RATHOD (PA)

**(લક્ષ્મી નંદવાણા)**
બીજા.એડી.સિનિ. સિવિલ જજ,
મોડાસા.
**(કોડ નં.જીજે.૦૧૩૯૨)**